## ઉનાના મહેરબાન સેકન્ડ એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુકામ–ઉના.

**ક્રિમીનલ કેસ નંબર–૧૬૫૪/૨૦૧૮**

**GJGS040024232018**

| **આંક** | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૩ | ૧૦ | ૨૦૧૮ |
| રજીસ્ટર તારીખ | ૨૩ | ૧૦ | ૨૦૧૮ |
| ફેંસલ તારીખ | ૦૧ | ૦૭ | ૨૦૨૬ |
| **સમયગાળો** | **વર્ષ** | **માસ** | **દિવસ** |

**ફરિયાદી** – શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપીઓ** –
**૧. જીસાનભાઇ ઉર્ફે અબ્બા મુકતારભાઇ બ્લોચ**
**૨. અરબાઝભાઇ આબેદભાઇ બ્લોચ**
**૩. મોહશીનભાઇ ઉર્ફે ભોલુ હુસેનભાઇ બ્લોચ**
**૪. સલમાન મુકતારભાઇ બ્લોચ**
**૫. શાહીદભાઇ ઉર્ફે જુનાગઢી દાદુભાઇ બ્લોચ**
રહે. તમામ ઉના, તા. ઉના, જી. ગીર સોમનાથ.

ફરીયાદ પક્ષેઃ– વિદ્વાન એ.પી.પી. શ્રી એ.જી. ગામીત
આરોપી પક્ષેઃ– વિદ્વાન વકીલશ્રી એસ.વી. કાદરી

**ક્રિમીનલ કેસ નંબર–૯૬૩/૨૦૨૦**

**GJGS040011772020**

| | | | |
|---|---|---|---|
| **આંક** | | | |
| દાખલ તારીખ | ૨૫ | ૦૬ | ૨૦૨૦ |
| રજીસ્ટર તારીખ | ૨૫ | ૦૬ | ૨૦૨૦ |
| ફેંસલ તારીખ | ૦૧ | ૦૭ | ૨૦૨૬ |
| **સમયગાળો** | **વર્ષ** | **માસ** | **દિવસ** |

**ફરિયાદી** – શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી** – **આશીફ ઉર્ફે જીન્નાત સફીભાઈ પઠાણ**
રહે. ઉના, સ્યુગર ફેક્ટરી ક્વાટર્સ,
તા. ઉના, જી. ગીર સોમનાથ.

ફરીયાદ પક્ષેઃ– વિદ્વાન એ.પી.પી. શ્રી એ.જી. ગામીત
આરોપી પક્ષેઃ– વિદ્વાન વકીલશ્રી એસ.યુ. નંદવાણા

**ગુનો** – **આઇ.પી.સી. કલમ – ૩૨૩, ૩૨૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી. એક્ટની કલમ – ૧૩૫ મુજબ**

**– ઃ ચુ કા દો ઃ–**

**૧.** આ કેસની આગળ ચર્ચા કરવામાં આવે તે પહેલા એ હકીકત નોંધવી જરૂરી છે કે, ઉના પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નંબર ફર્સ્ટ ૧૦૦/૨૦૧૮ થી નોંધાયેલ ગુન્હાના કામે કુલ પાંચ આરોપીઓ વિરુધ્ધ તપાસ કરનાર અધિકારી દ્વારા ચાર્જશીટ કરવામાં આવેલ છે

જે અત્રેની કોર્ટમાં ફોજદારી કેસ નં. ૧૬૫૪/૨૦૧૮ થી નોંધવામાં આવેલ. ત્યારબાદ આ જ ગુન્હાના કામે અન્ય આરોપી આસીફ ઉર્ફે જીન્નતભાઈ સફીભાઈ પઠાણ વિરુધ્ધ તપાસ કરનાર અધિકારી દ્વારા પુરવણી ચાર્જશીટ કરવામાં આવેલ છે. જે અત્રેની કોર્ટમાં ફોજદારી કેસ નં. ૯૬૩/૨૦૨૦ થી નોંધાયેલ છે. આમ, ફોજદારી કેસ નં. ૧૬૫૪/૨૦૧૮ અને ફોજદારી કેસ નં. ૯૬૩/૨૦૨૦ બંન્ને એક જ ગુન્હા સંબંધે નોંધાયેલ ફરિયાદ ઉપર થી ઉદ્ભવેલા હોય નામદાર ઉચ્ચ અદાલત દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલા સિદ્ધાંતો મુજબ અને પુરાવાઓ નોંધવાની પ્રક્રિયા સરળ બનાવવા તથા પુનરાવર્તન ટાળવાના હેતુથી આ બંન્ને ફોજદારી કેસ એકીસાથે સંલગ્ન ચલાવવા અનિવાર્ય હોઈ ફોજદારી કેસ નં. ૧૬૫૪/૨૦૧૮ અને ફોજદારી કેસ નં. ૯૬૩/૨૦૨૦ બંન્ને એક જ કેસ તરીકે સંલગ્ન રીતે ચલાવવા આદેશ કરવામાં આવેલ જેથી સદર કેસોમાં પુરાવાઓ નોંધવાની કાર્યવાહી તથા અન્ય આનુષંગીક કાર્યવાહી મુખ્ય કેસ તરીકે ફોજદારી કેસ નં. ૧૬૫૪/૨૦૧૮ ના કામે કરી સદર ચુકાદો જાહેર કરવામાં આવે છે.

**૨.** ફરિયાદ પક્ષના કેસની ટુંક વિગત એવી છે કે, ફરિયાદીના નાના ભાઈ જીણાભાઈને ગુનો બન્યા તારીખથી બે માસ પહેલા આરોપી આશીફ ઉર્ફે જીનાત સાથે માથાકુટ થયેલ હોય જેનું મનદુઃખ રાખી તા. ૦૫/૦૬/૨૦૧૮ ના રોજ કલાક ૧૬-૩૦ દરમિયાન ઉના એસ.ટી. બસ સ્ટેન્ડ પાસે આ કામના આરોપીઓએ ગેરકાયદેસર મંડળી રચી પાઈપો તથા બેઝબોલના ધોકાઓ ધારણ કરી આરોપી આશીફ ઉર્ફે જીન્નાત તથા જીસાનભાઈ ઉર્ફે અબ્બા તથા સાહીદ ઉર્ફે જુનાગઢએ લોખંડના પાઈપ વતી તથા આરોપી અરબાઝભાઈ આબેદભાઈએ બેઝબોલના ધોકા વતી તથા આરોપી મોહશીનભાઈ તથા સલમાનભાઈએ ઢીકાપાટુંથી માર મારી ફરિયાદીને બંને પગ તથા

શરીરે ઈજાઓ કરી તેમજ બનાવ સમયે જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીનું હથિયારબંધીનું જાહેરનામું અસ્તિત્વમાં હોવા છતાં હથિયારો ધારણ કરી સદર જાહેરનામાનો ભંગ કરેલ. તે બાબતની ફરિયાદ ફરિયાદીએ આપતા જે ફરીયાદના આધારે આરોપીઓ વિરુદ્ધ ઈ. પી. કોડની કલમ– ૩૨૩, ૩૨૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી. એક્ટની કલમ – ૧૩૫ મુજબનો ગુન્હો દાખલ કરી, તપાસ કરનાર અધિકારીશ્રીએ તપાસ કરી, તપાસના અંતે જરૂરી પુરાવો એકત્રિત કરી આરોપીઓ વિરુદ્ધ પુરતો પુરાવો મળી આવતા, ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ જેનો ફોજદારી કેસ નં. ૧૬૫૪/૨૦૧૮ થી કેસ દાખલ કરવામાં આવેલ. આરોપી આશીફ ઉર્ફે જીન્નાત સફીભાઇ પઠાણ નાસતો ફરતો હોય તેને તા. ૦૩/૧૨/૨૦૧૯ ના રોજ અટક કરી નામદાર કોર્ટમાં રજુ કરેલ અને તપાસના અંતે જરૂરી પુરાવો એકત્રિત કરી આરોપી આશીફ વિરુદ્ધ પુરતો પુરાવો મળી આવતા, અત્રેની અદાલતમાં પુરવણી ચાર્જશીટ રજુ થતા જેને ફોજદારી કેસ નં. ૯૬૩/૨૦૨૦ થી કેસ દાખલ કરવામાં આવેલ.

૩. આ કામના આરોપીઓ કોર્ટ સમક્ષ હાજર થતાં તેઓને વિના મુલ્યે પોલીસ પેપર્સની નકલો પુરી પાડી આરોપીઓ વિરૂધ્ધ ઉપરોકત ગુનાઓ સંબંધે તહોમતનામું ઘડી, વાંચી, સંભળાવી ફરમાવવામાં આવેલ તથા ત્યારબાદ આરોપીઓની પ્લી લેતાં, આરોપીઓએ ગુન્હાનો ઈન્કાર કરતાં સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ અને ફરિયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ.

૪. આ કામમાં ફરીયાદ પક્ષ તરફથી નીચે મુજબના પુરાવા રજૂ

થયેલ છે.

| ક્રમ | મૌખિક પુરાવા | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદી–અશરફભાઇ કાદરભાઇ મકરાણીની જુબાની | ૩૫ |

| ક્રમ | દસ્તાવેજી પુરાવા | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદ | ૩૬ |
| ૨ | ઝડતી પંચનામું | ૩૭ |
| ૩ | બનાવવાળી જગ્યાનું પંચનામું | ૩૮ |
| ૪ | ડીસ્કવરી પંચનામું | ૩૯ |
| ૫ | આરોપીનું અટક પંચનામું | ૪૦ |
| ૬ | આરોપીની શરીર સ્થિતિનું પંચનામું | ૪૧ |
| ૭ | અટક પંચનામું | ૪૨ |
| ૮ | હથિયારબંધીનું જાહેરનામું | ૪૩ |
| ૯ | ફરિયાદીના સારવાર સર્ટિફિકેટ | ૪૪,૪૫ |
| ૧૦ | ક્લોઝીંગ પુરસીસ | ૪૬ |

**૫.** ત્યારબાદ બંને પક્ષકારો તરફે આંક – ૩૪ થી સમાધાન પુરસીસ રજુ રાખી રાજીખુશીથી ઘરમેળે સમાધાન થયેલ હોવાનું જાહેર કરેલ છે તેમજ આંક – ૪૬ થી કલોઝીંગ પુરસીસ રજુ રાખી વધુ પુરાવો રજુ રાખવા માંગતા નહીં હોવાનું જાહેર કરેલ છે. ત્યારબાદ સદર કામે આરોપીઓનું વિશેષ નિવેદન લેવા યોગ્ય કોઈ પુરાવો ન હોઈ આરોપીઓનું વિશેષ નિવેદન રેકર્ડ કરેલ નથી.

**૬.** ત્યારબાદ આ કામે વિ.એ.પી.પી.શ્રીએ દલીલ કરી જણાવેલ છે કે, આ કામે ફરિયાદ પક્ષ દ્વારા રજુ રખાયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાના આધારે યોગ્ય તે ન્યાયી હુકમ કરવા અરજ છે.

**૬.૧** બચાવ પક્ષ તરફે આરોપીઓના વિ.વ.શ્રીએ દલીલ કરી જણાવેલ છે કે, આ કામે આરોપી સામેનો કેસ ફરિયાદ પક્ષે નિઃશંકપણે પુરવાર કરેલ નથી. ફરિયાદી જેઓ ભોગ બનનાર છે તેઓની જુબાનીથી પણ બનાવની હકીકતોને કોઈ સમર્થન મળતું નથી, આવા સંજોગોમાં ફરિયાદની હકીકતો પુરવાર થતી ન હોય આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઇએ.

**૭.** ઉપરોક્ત કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**– મુદ્દાઓ –**

**૧.** શું ફરીયાદપક્ષ એ હકીકત નિઃશંકપણે સાબિત કરે છે કે, બનાવ તારીખ, સમય અને સ્થળે આરોપીઓએ ગેરકાયદેસર મંડળી રચી પાઈપો તથા બેઝબોલના ધોકાઓ ધારણ કરી આરોપી આશીફ

ઉર્ફે જીન્નાત તથા જીસાનભાઇ ઉર્ફે અબ્બા તથા સાહીદ ઉર્ફે જુનાગઢએ લોખંડના પાઇપ વતી તથા આરોપી અરબાઝભાઇ આબેદભાઇએ બેઝબોલના ધોકા વતી તથા આરોપી મોહશીનભાઇ તથા સલમાનભાઇએ ઢીકાપાટુંથી માર મારી ફરિયાદીને બંને પગ તથા શરીરે ઇજાઓ કરી તેમજ બનાવ સમયે જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીનું હથિયારબંધીનું જાહેરનામું અસ્તિત્વમાં હોવા છતાં હથિયારો ધારણ કરી સદર જાહેરનામાનો ભંગ કરી, આરોપીએ ઈ. પી. કોડની કલમ– ૩૨૩, ૩૨૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી. એક્ટની કલમ – ૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો અત્રેની અદાલતની હકુમતમાં કરેલ છે ?

**૨.** શું હુકમ ?

**– ન્યાયિક નિર્ણયો –**

૮. ઉપરોક્ત મુદ્દાઓ પરત્વે મારા ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારાત્મક

૨. આખરી હુકમ મુજબ.

**નિર્ણય માટેના કારણો**

**મુદ્દા નં.૧**

**૯.** ફોજદારી ન્યાય પ્રણાલીના મુળભુત અને પાયાના સિદ્ધાંત મુજબ આરોપીઓ સામે આક્ષેપવામાં આવેલ તહોમત શંકારહીત રીતે પુરવાર કરવાનો ભાર ફરીયાદ પક્ષે રહેલો છે. જે ફરીયાદપક્ષના કેસમાં શંકા ઉપસ્થિત થાય તો સદર શંકાનો લાભ આરોપીની તરફેણમાં રહે છે. ફરીયાદપક્ષે રજૂ થયેલ પુરાવાનું ઈ. પી. કોડની કલમ– ૩૨૩,

૩૨૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી. એક્ટની કલમ – ૧૩૫ મુજબ ના ગુનાના આવશ્યક તત્વો તથા ફરીયાદ હકિકતના સંદર્ભે જ મુલ્યાંકન કરવાનુ રહે છે.

**૧૦.** ફરિયાદ પક્ષ તરફે **<u>ફરિયાદી – અશરફભાઈ કાદરભાઈ મકરાણી નાઓને આંક – ૩૫</u>** થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, “હાલની ફરિયાદ વાળો બનાવ તા. ૦૫/૦૬/૨૦૧૮ ના રોજ બનેલો. બનાવના દિવસે મારે આ કામના આરોપીઓ સાથે અગાઉ બનેલ બનાવ બાબતે સામાન્ય બોલાચાલી થયેલી, તે સિવાય બીજું કાંઇ બનેલ નથી. સામાન્ય બોલાચાલી થતા આજુબાજુવાળા ઘણા માણસોનું ટોળું ભેગુ થઈ જતાં ધક્કામુક્કીમાં હું નીચે પડી ગયેલો તે વખતે મને શરીરે સામાન્ય ઈજાઓ થયેલી. ઈજા અંગે મેં ઉના ખાતે આવેલ નટરાજ હોસ્પિટલમાં સારવાર લીધેલી. સારવાર દરમિયાન પોલીસવાળા આવતા મેં બનાવની ફરિયાદ આપેલી. મને અસલ ફરિયાદ બતાવવામાં આવે છે જેમાં મારી સહી છે, જે હું ઓળખી બતાવું છું, જે આંક – ૩૬ થી રજુ છે.”

વિ.એ.પી.પી.શ્રી ની વિનંતીથી સદરહુ સાહેદને **<u>ફરી ગયેલા સાહેદ</u>** જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવો પ્રશ્ન પુછવાની પરવાનગી આપવામાં આવેલ હોવા છતાં તેમની ઉલટતપાસથી ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકિકત ખુલવા પામતી નથી. ત્યારબાદ બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં જણાવેલ છે કે, **"એ વાત ખરી છે કે મારે આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલી અને તે સિવાય બીજું કંઈ બનેલ નથી. એ વાત ખરી છે કે મને આરોપીઓએ કોઈ ગાળો આપેલ હોય કે ઢીકાપાટુંનો માર મારેલ હોય કે મુંઢ ઈજાઓ કરેલ હોય તેવું બનેલ નથી. એ વાત ખરી છે કે પોલીસે તૈયાર લખાણમાં મને સહી કરવાનું કહેતા મેં મારી સહી કરી આપેલ.**

**એ વાત ખરી છે કે લખાણમાં શું લખેલ હતુ તેની મને ખબર નથી અને મેં તે લખાણ વાંચેલ નહી કે મને વાંચી સંભળાવેલ નહીં. એ વાત ખરી છે કે ધક્કામુક્કીમાં કોઇકનો ધક્કો વાગી જતાં હું નીચે પડી ગયેલો અને મને સામાન્ય ઈજા થયેલી જેની મેં સારવાર લીધેલી. એ વાત ખરી છે કે ડોક્ટરને મેં કોઈ હિસ્ટ્રી જણાવેલ નથી. એ વાત ખરી છે કે મારે આરોપીઓ સાથે રાજીખુશીથી ઘરમેળે સમાધાન થઇ ગયેલ છે.**

## - ઃ પુરાવાનું મુલ્યાંકન ઃ-

**૧૧.** આ કામે ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાની હકીકતો વંચાણે લેવામાં આવે તો આ કામે બનાવનો ભોગ બનનાર ફરિયાદીની જુબાની વંચાણે લેતા તેઓએ પોતાની જુબાનીમાં પોતાની પોલીસ રૂબરૂની ફરિયાદ મુજબ આરોપીઓએ ગેરકાયદેસર મંડળી રચી ફરિયાદીને કોઇ હથિયાર વડે કે મુંઢ માર મારેલ હોય કે ગાળો આપેલ હોય તેવી કોઇ જ હકીકત અદાલત રૂબરૂની જુબાનીમાં જણાવેલ નથી પરંતુ આરોપી સાથે અગાઉ બનેલ બનાવ બાબતે સામાન્ય બોલાચાલી થતાં ધક્કામુક્કીમાં નીચે પડી જતાં સામાન્ય ઈજા થતાં સારવાર લીધેલ હોવાનું તેમજ પોલીસમાં ફરિયાદ આપેલ હોવાનું જણાવેલ છે. આમ, જ્યારે ફરિયાદી કે જેઓ બનાવનો ભોગ બનનાર હોય તેઓ ખુદ જ પોતાની ફરિયાદને સમર્થન કરતાં ન હોય ત્યારે સદર ફરિયાદીનો પુરાવોએ આરોપીને તકસીરવાન ઠરાવવામાં મદદરૂપ બનતો નથી. આમ, સદર ફરિયાદીની જુબાનીથી ફરિયાદ કે બનાવની હકીકતોને સંપુર્ણપણે સમર્થન મળતુ નથી. જેથી આ ફરિયાદીનો પુરાવો એ આ કામના આરોપીઓને બનાવ સાથે સાંકળવામાં મદદરૂપ બનતો નથી. વધુમાં ફરિયાદી તરફે ક્લોઝીંગ પુરસીસ રજુ રાખી વધુ કોઇ પુરાવો આપવા માંગતા નહિ હોવાનું જાહેર કરેલ હોઇ આ કામે અન્ય કોઇ સાહેદોને તપાસવામાં આવેલ નથી.

**૧૨.** વધુમાં આ કામે આંક – ૩૭ થી ઝડતી પંચનામું, આંક – ૩૮ થી બનાવવાળી જગ્યાનું પંચનામું, આંક – ૩૯ થી ડીસ્કવરી પંચનામું, આંક – ૪૦ થી આરોપીનું અટક પંચનામું, આંક – ૪૧ થી આરોપીની શરીર સ્થિતિનું પંચનામું તથા આંક – ૪૨ થી અટક પંચનામું રજુ થયેલ છે પરંતુ જ્યારે ફરિયાદી કે જેઓ ભોગ બનનાર છે તેઓએ ફરિયાદની હકીકતને સમર્થન આપેલ ન હોય તે સંજોગોમાં ફરિયાદની હકીકતો પુરવાર થતી ન હોય તેમજ અન્ય કોઇ દાર્શનીક પુરાવાથી સમર્થન મળતું નથી તે સંજોગોમાં માત્ર દસ્તાવેજી પુરાવા પર આધાર રાખી શકાય નહીં. આંક – ૪૪ તથા ૪૫ થી ફરિયાદીનું મેડીકલ સર્ટિફિકેટ રજુ થયેલ છે પરંતુ જ્યારે ઈજા પામનારે તેઓને થયેલ ઈજાઓ આરોપીઓના માર મારવાના લીધે થયેલ હોવાની હકીકતનો ઈન્કાર કરેલ હોય ત્યારે સદર સારવાર સર્ટિફિકેટો મર્યાદિત હકીકત જ પુરવાર કરે છે. જેથી ઉપરોક્ત હકીકત જોઈએ તો જ્યાં સુધી રેકર્ડ ઉપર પુરતો પુરાવો આવે નહિ ત્યાં સુધી આ કામે આરોપીને તકસીરવાન ઠરાવાય નહિ.

**૧૩.** વધુમાં સદર કામે ઉપરોક્ત પુરાવાનું મુલ્યાંકન કરતા પહેલા આ કામે નામદાર સુપિમ કોર્ટનો રજુ ચુકાદો જોઈએ તો, **“સતીષ મેહરા વી. દિલ્હી એડ્મીનીસ્ટ્રેસન અને બીજાઓ .. ૧૯૯૬ (૯) એસ. સી. સી. ૭૬૬** – કેસ માં નામદાર સુપ્રીમ કોર્ટની ડીવીઝન બેંચ દ્વારા ઠરાવેલ છે કે – જયારે જજને ચોક્કસ પણે એમ લાગે કે, કેસના સંજોગોને ધ્યાને લેતા કેસનો અંત સજામાં પરિણમશે નહિ. ત્યારે કોર્ટનો અમૂલ્ય સમય માત્ર પ્રોસીઝર પૂરી કરવા માટે વેડફવો નહિ.” આથી, સદર કામે વધુ સાહેદો તપાસેલા નથી અને નામદાર કોર્ટનો સમય માત્ર પ્રીસોઝર પૂરી કરવા માટે સમય વેડફાય નહિ તે હેતુથી અન્ય સાહેદોને ડ્રોપ કરવામાં આવેલ છે.

**૧૪.** આમ, ઉપરોક્ત રેકર્ડ પરનો પુરાવો જોતા હાલના કામે સદર ફરિયાદ પક્ષ આરોપી સામેનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે. આમ, ખરેખર આરોપીઓએ ગેરકાયદેસર મંડળી રચી પાઇપો તથા બેઝબોલના ધોકાઓ ધારણ કરી આરોપી આશીફ ઉર્ફે જીન્નાત તથા જીસાનભાઇ ઉર્ફે અબ્બા તથા સાહીદ ઉર્ફે જુનાગઢએ લોખંડના પાઇપ વતી તથા આરોપી અરબાઝભાઇ આબેદભાઇએ બેઝબોલના ધોકા વતી તથા આરોપી મોહશીનભાઇ તથા સલમાનભાઇએ ઢીકાપાટુંથી માર મારી ફરિયાદીને બંને પગ તથા શરીરે ઇજાઓ કરી તેમજ બનાવ સમયે જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીનું હથિયારબંધીનું જાહેરનામું અસ્તિત્વમાં હોવા છતાં હથિયારો ધારણ કરી સદર જાહેરનામાનો ભંગ કરેલ હોવાની હકીકત ફરિયાદીની જુબાનીથી સ્પષ્ટ થતી ન હોય જેથી ફરિયાદ પક્ષે આરોપી સામે રજુ કરેલ પુરાવાઓને આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. તે સંજોગોમાં ઉપરોક્ત કરેલ ચર્ચા, રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ, બંન્ને પક્ષે રજુઆત, કાયદાકીય જોગવાઇઓ વિગેરે ધ્યાને લઇ ઉપરોક્ત **મુદ્દા નં. ૧** નો જવાબ "**નકારમાં**" આપી **મુદ્દા નં. ૨** અન્વયે ઉપરોક્ત તમામ હકીકતો તથા સંજોગો ધ્યાને લેતાં ફરિયાદ પક્ષ આરોપી વિરૂદ્ધનો કેસ વ્યાજબી શંકાથી પર રહીને પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય તેમ માની નીચે મુજબ **આખરી હુકમ** કરવામાં આવે છે.

## <u>–આખરી હુકમ–</u>

**૧.** આ કામના આરોપીઓને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ઈ. પી. કોડની કલમ– ૩૨૩, ૩૨૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી. એક્ટની કલમ – ૧૩૫ મુજબના ગુનામાં નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આ કામે મુદ્દામાલ પાવતીમાં દર્શાવવામાં આવેલ કિંમતી મુદ્દામાલ

અગાઉ વચગાળાના હુકમથી પરત સોંપવામાં આવેલ હોય તો તે હુકમ અપીલ સમય વીત્યેથી બિનશરતી કાયમ કરવો અને જો કોઈ હુકમ થયેલ ન હોય તો તે અંગેની ખરાઈ કરી સદર મુદ્દામાલ અપીલ સમય વીત્યેથી તેના કાયદેસરના હક્કદારને પરત સોંપવો તેમજ અન્ય બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય વીત્યેથી નિયમ મુજબ નિકાલ કરવો.

**3.** આરોપીઓએ આ અગાઉ આપેલ જામીન ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૪૩૭ (એ) ની જોગવાઈ અનુસાર છ માસની અવધિ સુધી અપીલ સમય પુરો થતા સુધી ચાલુ રાખવાનો આથી આદેશ કરવામાં આવે છે.

ચુકાદો આજરોજ **તા. ૧લી, માહે–જુલાઈ, સને–૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી/સિક્કો કરીને જાહેર કર્યો.

ઉના.
તા. ૦૧/૦૭/૨૦૨૬

(નીરજ કુમાર યાદવ)
સેકન્ડ એડી. ચીફ જ્યુડી. મેજી,
ઉના.
ઉના. કોડ નંબર–GJ–01409

K.D. Vainsh (Guj. Steno)